For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**વડોદરામાં હવે લોખંડના 'વૃક્ષ' વીજળી આપશે : નેટ-ઝીરો અભિયાન હેઠળ 4.93 કરોડનું આયોજન**

# VMC 25 સ્થળોએ સ્થાપશે આધુનિક 'સોલર ટ્રી'

### શહેરીજનોને હરવા-ફરવા સાથે ફ્રી ચાર્જિંગ અને બેઠક વ્યવસ્થાની અનોખી ભેટ મળશે




(પ્રતિનિધિ) વડોદરા, તા.11
સ્વચ્છ અને નવીનીકરણીય ઉર્જાને પ્રોત્સાહન આપવા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. વડોદરાના શહેરી અને સીમાડાના વિસ્તારોમાં 'નેટ ઝીરો' ઉપક્રમ હેઠળ કુલ 25 જેટલા મહત્વના સ્થળોએ આધુનિક 'સોલર ટ્રી' સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે કોર્પોરેશન દ્વારા અંદાજિત રૂ. 4.93 કરોડના ખર્ચ સાથે વર્ક ઓર્ડર પણ આપી દેવામાં આવ્યો છે.

VMCના ફ્યુચરિસ્ટિક પ્લાનિંગ સેલ વિભાગ દ્વારા આ પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું છે. સોલર ટ્રી એટલે એક એવું માળખું જે દેખાવમાં વૃક્ષ જેવું હશે, પરંતુ તેના પર સોલર પેનલ્સ લાગેલી હશે. આ પેનલ્સ દ્વારા સૂર્યપ્રકાશમાંથી વીજળી ઉત્પન્ન કરવામાં આવશે. શહેરના મુખ્ય સર્કલો, તળાવો અને બગીચાઓમાં આ ટ્રી લગાડવામાં આવશે, જેમાં કાલાઘોડા સર્કલ જેવા પ્રખ્યાત સ્થળોનો પણ સમાવેશ થાય છે. આ સોલર ટ્રી માત્ર વીજળી ઉત્પન્ન કરવા પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ નાગરિકો માટે બહુવિધ સુવિધાઓ પણ પૂરી પાડશે, સોલર ટ્રીની નીચે ગઝેબો સ્ટાઈલમાં સુંદર બેઠક વ્યવસ્થા કરવામાં આવશે, જ્યાં શહેરીજનો આરામ કરી શકશે. નાગરિકો પોતાના મોબાઈલ કે અન્ય ગેજેટ્સ ચાર્જ કરી શકે તે માટે ત્યાં ચાર્જિંગ પોઈન્ટ્સની સુવિધા પણ આપવામાં આવશે. આ ટ્રી શહેરની સુંદરતામાં વધારો કરશે અને રાત્રિના સમયે આકર્ષણનું કેન્દ્ર બનશે. આ સોલર ટ્રીમાંથી જે વીજળી ઉત્પન્ન થશે તેનો ઉપયોગ સ્ટ્રીટ લાઈટ કે જાહેર સુવિધાઓ માટે કરવામાં આવશે, જેનાથી કોર્પોરેશનના વીજ બિલમાં પણ ઘટાડો થશે.વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવાનો અને વડોદરાને 'નેટ ઝીરો' સિટી તરફ લઈ જવાનો છે. પ્રારંભિક તબક્કે 25 સ્થળોની પસંદગી કરવામાં આવી છે અને આગામી સમયમાં જરૂરિયાત મુજબ આ સંખ્યામાં વધારો કરીને શહેરના અન્ય ભાગોમાં પણ આ પ્રોજેક્ટ વિસ્તારવામાં આવશે.

#### ક્યાં ક્યાં જોવા મળશે આ 'સોલર ટ્રી'?

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય આકર્ષણો અને ટ્રાફિક ધરાવતા વિસ્તારોની પસંદગી કરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે:
**ઐતિહાસિક સ્થળો:** કાલાઘોડા સર્કલ જેવા પ્રખ્યાત જંકશન.
**જાહેર બગીચાઓ:** શહેરના મુખ્ય ગાર્ડન્સ જ્યાં સવાર-સાંજ નાગરિકોની અવરજવર વધુ હોય છે.
**તળાવોના કિનારે:** શહેરના બ્યુટિફિકેશન પામેલા તળાવોની આસપાસ.
**મુખ્ય ટ્રાફિક સર્કલો:** શહેરના પ્રવેશદ્વાર સમાન અને સીમા વિસ્તારોના સર્કલો.

**સોસાયટીના રહીશોનો આક્ષેપ: "તંત્ર માત્ર વાર્તાઓ કરે છે, કામ નહીં"**

# રૂપારેલ કાંસ: વાયદાઓના 15 વર્ષ અને ગંદકીના ગંજ!

### રોગચાળાના ખતરા વચ્ચે આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા, તા.22
શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થતી રૂપારેલ કાંસ હાલ સ્થાનિક રહીશો માટે આશીર્વાદને બદલે અભિશાપ સાબિત થઈ રહી છે. કાંસમાં જામેલા ગંદકીના ગંજ, પ્લાસ્ટિકના ઢગલા અને અસહ્ય દુર્ગંધને કારણે આસપાસની અનેક સોસાયટીઓના હજારો લોકોનું જીવવું દુષ્કર બન્યું છે. છેલ્લા 15 વર્ષથી તંત્ર દ્વારા કાંસ પર સ્લેબ ભરી તેને બંધ કરવાના માત્ર વાયદા જ કરવામાં આવતા હોવાથી સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રૂપારેલ કાંસમાં ઠેર-ઠેર કચરો અને



પ્લાસ્ટિક જમા થવાને કારણે પાણીનો નિકાલ અવરોધાયો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ચોમાસા દરમિયાન આ કાંસ ઉભરાય છે અને ગંદુ પાણી લોકોના ઘરોમાં ઘૂસી જાય છે. ગંદકીને કારણે મચ્છરોનો ઉપદ્રવ એટલો વધ્યો છે કે વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત છે. એટલું જ નહીં, આ દૂષિત પાણીમાં મગર જેવા હિંસક જળચર પ્રાણીઓ પણ વસવાટ કરતા હોવાથી રહીશોમાં ફાળ પડી છે. કાંસમાંથી નીકળતા ઝેરી ગેસ અને દુર્ગંધને કારણે સ્થાનિકોના ઘરોમાં રહેલા એસી, ફ્રીજ અને ટીવી જેવા કિંમતી ઈલેક્ટ્રોનિક ઉપકરણો પણ જલ્દી ખરાબ થઈ રહ્યા છે. રહીશોએ ફરિયાદ કરી છે કે ગેસના કારણે ઉપકરણોની કોઈલ કાળી પડી જાય છે, જેનાથી તેમને મોટું આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. દર્શનમ સોસાયટી સહિત આસપાસના રહિશોનું કહેવું છે કે, 2015થી તેઓ આ સમસ્યા ભોગવી રહ્યા છે. બિલ્ડરોએ ઘર વેચતી વખતે કાંસ પુરાઈ જશે તેવા વાયદા કર્યા હતા, પરંતુ આજે વર્ષો વીતી ગયા છતાં પરિસ્થિતિ જસની તસ છે.

**સેફ્ટી વિના કામગીરી કરવામાં આવતી હોવાના આક્ષેપ સાથે પરિવારજનોનો વિરોધ**

# કરચિયા યાર્ડમાં ટ્રેનમાં ટોપની ફિટિંગ ચકાસણી દરમિયાન વીજ કરંટ લાગતા કર્મચારી ઈજાગ્રસ્ત

### ગૌતમ સોલંકીને વીજ કરંટ લાગતા ટ્રેન પરથી નીચે પટકાયો, હાલત નાજુક

(પ્રતિનિધિ) વડોદરા, તા.22
વડોદરા શહેરના કરચિયા રેલવે યાર્ડમાં ગત મોડી રાત્રે ટ્રેનમાં ટોપની ફીટીંગ ચકાસણી દરમિયાન ખલાસી તરીકે કામ કરી રહેલા ગૌતમ સોલંકી નામના કર્મચારીને અચાનક વીજ કરંટ લાગતા તે ટ્રેન ઉપરથી નીચે ફટકાયો હતો. એક તરફ વિચ કરંટ અને બીજી તરફ ઉપરથી નીચે પટકાવવાના કારણે તેને ગંભીર ઈજા પહોંચી હતી. આ ઘટના બનતા તાત્કાલિક રેલવેના અધિકારીઓ દોડતા થયા



હતા અને સારવાર અર્થે તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ થતા જ પરિવારજનો હોસ્પિટલ ખાતે આવી પહોંચ્યા હતા. જ્યાં રેલવે અધિકારીઓ સામે આક્ષેપ કરી નારાજગી દર્શાવી હતી. ઈજાગ્રસ્તની ભાભીએ આક્ષેપ કર્યો હતો કે, ગૌતમને એક પ્રકારે માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે તેને સેફટી વગર કામ કરાવવામાં આવ્યું હતું. જેના કારણે તેને વીજ કરંટ લાગ્યો હતો.

ઉપર ઈલેક્ટ્રિક હાઈલાઇન પસાર થતી હોય અને કર્મચારીઓ જ્યારે ઉપર ચડતા હોય તો સેફટી હોવી જોઈએ. તમે નોકરી કરાવો છો તો કર્મચારીની સેફટીની જવાબદારી તમારી છે. સેફટી વિના ટ્રેનના ડબ્બા પર ગૌતમ ચડ્યો અને કરંટ લાગતા તે તરત નીચે પડ્યો હતો અને રેલ્વે ના અધિકારીઓ કર્મચારીઓ એમની રીતે દવાખાને લાયા હતા. અહીં જીવના જોખમે કર્મચારીઓ કામ કરવા મજબૂર છે. હાલમાં ગૌતમની હાલત નાજુક છે.

**300થી વધુ નગરજનો અને મ્યુનિ. અધિકારીઓ અભિયાનમાં જોડાયા**

# તરસાલીમાં મશાલ રેલીના અજવાળે સ્વચ્છતાનો શંખનાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરને 'સ્વચ્છતા સર્વેક્ષણ 2025-26' માં અગ્રેસર રાખવાના સંકલ્પ સાથે જનજાગૃતિના અભિયાનને વેગ આપવામાં આવ્યો છે. વડોદરાના મ્યુનિસિપલ કમિશનરની સૂચના અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (દક્ષિણ ઝોન) ના સીધા માર્ગદર્શન હેઠળ, આજરોજ દક્ષિણ ઝોનના વોર્ડ નં. 16, 17, 18 અને 19 ના વિસ્તારોમાં IEC (Information, Education and Communication) પ્રવૃત્તિના ભાગરૂપે એક ભવ્ય 'મશાલ રેલી' નું આયોજન કરવામાં આવ્યું હતું. વોર્ડ નં. 19 માં આયોજિત આ રેલીનો પ્રારંભ મંગલા ગ્રીન ફ્લેટ થી થયો હતો. હાથમાં જલતી મશાલ અને સ્વચ્છતાના સૂત્રો સાથેના બેનરો લઈ મોટી સંખ્યામાં અધિકારીઓ



અને નાગરિકો રવિ પાર્ક ચાર રસ્તા, તરસાલી સુધી પગપાળા નીકળ્યા હતા. આ રેલીએ સમગ્ર વિસ્તારમાં એક નવી ચેતના જગાડી હતી. રેલી દરમિયાન જાહેર જનતાને અત્યંત મહત્વની બાબતો અંગે જાગૃત કરવામાં આવ્યા હતા, જેમાં નાગરિકોને ભીનો કચરો લીલી ડસ્ટબિનમાં અને સૂકો કચરો વાદળી ડસ્ટબિનમાં આ મંત્રને સાર્થક કરવા સમજણ અપાઈ હતી.

**ઇન્ડિયન ઓઇલ (IOCL) ના સહયોગથી તબીબી સારવારમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું**

# સયાજી હોસ્પિટલ ખાતે બે અત્યાધુનિક 'હાઈ-એન્ડ એનસ્થેશિયા વર્કસ્ટેશન' કાર્યરત

### જટિલ સર્જરીઓ હવે બનશે વધુ સુરક્ષિત, દર્દીઓની સલામતી માટે આધુનિક વેન્ટિલેશન અને ચોક્કસ મોનિટરિંગ સિસ્ટમનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
દેશની અગ્રણી જાહેર ક્ષેત્રની કંપની ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ (IOCL) દ્વારા તેમના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) ફંડ હેઠળ હોસ્પિટલના એનસ્થેશિયોલોજી વિભાગને બે અત્યાધુનિક (હાઈ-એન્ડ) એનસ્થેશિયા વર્કસ્ટેશનો અર્પણ કરવામાં આવ્યા છે. સર્જરી દરમિયાન દર્દીની સલામતીમાં થશે મોટો સુધારો.



ઓપરેશન દરમિયાન દર્દીને બેભાન રાખવાની પ્રક્રિયા (એનસ્થેશિયા) અત્યંત નાજુક હોય છે. આ નવા હાઈ-એન્ડ વર્કસ્ટેશનોમાં રહેલી ચોક્કસ એનેસ્થેટિક ડ્રગ ડિલિવરી સિસ્ટમ ખાતરી કરે છે કે દર્દીને દવાનો ડોઝ અત્યંત સચોટ રીતે મળે. આ ઉપરાંત, તેમાં સમાવિષ્ટ અદ્યતન વેન્ટિલેશન મોડ્સ ફેફસાના ગંભીર રોગો ધરાવતા અથવા લાંબી સર્જરી કરાવતા દર્દીઓ માટે જીવનરક્ષક સાબિત થશે. ઓપરેશન દરમિયાન હૃદયના ધબકારા, બ્લડ પ્રેશર અને ઓક્સિજનના સ્તર પર સેકન્ડે-સેકન્ડની નજર રાખવામાં આવશે. કોઈ પણ નાની તકનીકી ખામી કે દર્દીના સ્વાસ્થ્યમાં ફેરફાર સમયે સિસ્ટમ તુરંત જ તબીબોને સતર્ક કરશે.

હૃદયરોગ, ફેફસાની તકલીફ કે વૃદ્ધાવસ્થાના કારણે જે સર્જરીઓ જોખમી ગણાતી હતી, તે હવે આ મશીનોની મદદથી વધુ સુરક્ષિત બનશે. આ ટેકનોલોજીના આગમનથી હોસ્પિટલની કાર્યક્ષમતામાં વધારો થશે અને ગંભીર રોગોની સારવાર માટે હવે દર્દીઓએ અન્ય મેટ્રો શહેરો સુધી લાંબા થવું નહીં પડે. IOCL ના આ માનવીય અભિગમની સમગ્ર પંથકમાં પ્રશંસા થઈ રહી છે.

## MSUની ફેકલ્ટી ઓફ લો દ્વારા કાનૂની સહાય શિબિરનું આયોજન



(પ્રતિનિધિ) વડોદરા, તા.22
એમ.એસ.યુનિવર્સીટીની ફેકલ્ટી ઓફ લો દ્વારા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ વડોદરા સાથે મળીને એક નિઃશુલ્ક કાનૂની સહાય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનો પ્રારંભ ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના કાર્યકારી અધ્યક્ષ જસ્ટિસ અલ્પેશ કોગજેના હસ્તે કરવામાં આવ્યું હતું. નાગરિકોને સરળ, સુલભ અને મફત કાનૂની માર્ગદર્શન પૂરૂં પાડવા તથા તેમના અધિકારો વિશે જાગૃતિ લાવવા આ શિબિર યોજવામાં આવી હતી. શહેરના પ્રતિષ્ઠિત વકીલોની પેનલ દ્વારા શિબિરમાં હાજર રહી મફત કાનૂની સહાય મેળવવા આવેલા નાગરિકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**ચહેરા, છાતી સહિત શરીરના અનેક ભાગોમાં ગંભીર ઇજા, ઘટનાસ્થળે જ કરુણ મોત**

# કવાંટના રાયસીંગપુરામાં જંગલી જાનવરનો હુમલો: 55 વર્ષીય પ્રૌઢને ફાડી ખાતા અરેરાટી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.22
કવાંટ તાલુકાના રાયસીંગપુરા ગામમાં જંગલી જાનવરના હુમલાની એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ગામના હોળી ફળીયામાં રહેતા ૫૫ વર્ષીય અમરસિંગભાઈ કેવજીભાઈ રાઠવા પર અજાણ્યા જંગલી જાનવરે હુમલો કરી તેમને મોતને ઘાટ ઉતાર્યા હતા. મળતી માહિતી મુજબ ગત તા. ૨૧/૦૩/૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યાથી લઈને તા. ૨૨/૦૩/૨૦૨૬ સવારના ૮:૦૦ વાગ્યા વચ્ચે આ ઘટના બની હતી. અમરસિંગભાઈ પોતાના ઘર નજીક આવેલ કોતર પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે જંગલી જાનવરે તેમને પકડીને નજીકના ખેતરના સેઢા સુધી ઘસડી ગયા હતા.

જંગલી જાનવરે અત્યંત ક્રૂરતાપૂર્વક હુમલો કરતાં તેમના ચહેરા, છાતી, હાથ-પગ તેમજ ગુપ્ત ભાગે ગંભીર



ઈજાઓ પહોંચાડી હતી અને માંસ ફાડી ખાધું હતું. આ હુમલાના કારણે તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભય અને શોકની લાગણી પ્રસરી ગઈ છે.

મૃતકના ભાઈ લસુડીયાભાઈ કેવજીભાઈ રાઠવાએ આ અંગે કવાંટ પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ ૧૯૪ મુજબ અકસ્માતે મોતનો ગુનો (અ.મોત નંબર ૦૮/૨૦૨૬) નોંધ્યો છે અને આગળની તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે રાયસીંગપુરા સહિત આસપાસના પંથકમાં ભારે ફફડાટનો માહોલ સર્જાયો છે. સ્થાનિકોમાં જંગલી જાનવરોના વધતા ખતરા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## દાનપેટીમાંથી રોકડ રકમની ચોરી કરનાર બે આરોપી ઝડપાયા

વડોદરા : વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી મંદિરોમાં વધતી ચોરીની ઘટનાઓને લઈને પોલીસ માટે પડકાર ઉભો થયો હતો. આ વચ્ચે માંજલપુર પોલીસે સઘન તપાસ અને પેટ્રોલિંગના આધારે મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. પોલીસે મંદિર ચોરીના કેસમાં બે આરોપીઓને દાનપેટી સાથે ઝડપી પાડયા છે.પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર દ્વારા વડોદરા શહેરના વિવિધ થયેલી ચોરીના ભેદ ઉકેલી નાખવાની સૂચનાઓ આપવામાં આવી હતી. જેથી શહેરમાં વધતા મિલકત સંબંધિત ગુનાઓને અટકાવવા પોલીસ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

માંજલપુર વિસ્તારમાં વિવિધ સોસાયટીઓમાં રાત્રિના સમયે ત્રણ મંદિરોને નિશાન બનાવી ચોરીને અંજામ આપ્યો હતો. ત્યારે પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજના આધારે તપાસ સાથે પેટ્રોલિંગ પણ વધારવામાં આવ્યું હતું. શુક્રવારે જ્યુપીટર ચાર રસ્તા નજીક સીસીટીવીમાં દેખાતા શંકાસ્પદ ચારમાંથી બે ઝડપાયા હતા.

**લાઈટ ચાલુ કરતા જ મરણમુખી વિસ્ફોટ થયો**

# માંજલપુરમાં બંધ ઘરમાં ગેસ લીકેજથી વૃદ્ધ ગંભીર રીતે દાઝ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.22
વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલી અલવાનાકા GIDC કોલોનીમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા શંકરભાઈ લાલાભાઈ પટેલ (ઉ.વ. 63) એકલા રહે છે. ગત રોજ તેઓ રોજિંદા નિયમ મુજબ નોકરીએ ગયા હતા. આ દરમિયાન ઘરમાં રાખેલી નવી ગેસ સિલિન્ડરમાંથી અજાણતા લીકેજ શરૂ થયું હતું. મકાન બંધ હોવાથી ગેસ અંદર જ ભરાઈ ગયો હતો.રાત્રે જ્યારે શંકરભાઈ નોકરીથી પરત ફર્યા અને ઘરમાં પ્રવેશ્યા, ત્યારે અંધારામાં લાઈટ ચાલુ કરતાં જ સ્વીચમાંથી નીકળેલા સ્પાર્કના કારણે રૂમમાં ભરાયેલો ગેસ ભડકી ઉઠ્યો હતો. જોતજોતામાં જોરદાર ધડાકા સાથે વિસ્ફોટ થયો હતો, જેના કારણે આખો વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ આસપાસના રહીશો દોડી આવ્યા હતા અને ગંભીર



રીતે દાઝેલા શંકરભાઈને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હાલ તેઓ હોસ્પિટલના બર્ન્સ વોર્ડમાં સારવાર હેઠળ છે.

આ ઘટના અંગે માહિતી મળતા જ GIDC ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં નવી ગેસ સિલિન્ડરમાં લીકેજ હોવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. માંજલપુર પોલીસ દ્વારા પણ મામલો નોંધાઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

## વડોદરામાં બીમારીથી કંટાળી SRP જવાનનો આપઘાત

વડોદરા : વડોદરા શહેરના ડભોઇ રોડ પર આવેલી મહાનગર સોસાયટીમાં રહેતા સુમનભાઈ શકુભાઈ રાઠવા (ઉં.વ.44) છેલ્લા ઘણા વર્ષોથી એસઆરપી ગ્રુપમાં ફરજ બજાવતા હતા. છેલ્લા એક વર્ષથી તેઓ ગંભીર કમરના મણકાની બીમારીથી પીડાતા હતા. જેના કારણે તેઓ ચાલવામાં અસમર્થ બન્યા હતા અને ફરજ પરથી રજા પર હતા. પરિવારમાં ચાર દીકરીઓ ધરાવતા સુમનભાઈ લાંબા સમયથી ચાલી રહેલી બીમારીથી માનસિક રીતે પરેશાન હતા. આ પરિસ્થિતિથી કંટાળી તેમણે પોતાના મકાનના પાછળના ભાગે આવેલા સ્ટોરરૂમમાં સાડી વડે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. ઘટનાની જાણ થતાં વાડી પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવી સયાજી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. હાલ વાડી પોલીસે આ આપઘાત પાછળ બીમારી સિવાય કોઈ અન્ય કારણ છે કે નહીં તે દિશામાં વધુ તપાસ કરી રહી છે.

**સ્માર્ટ સિટીમાં 'ગટર કાંડ' રાત્રિના અંધારામાં જીવલેણ બની રહેલી ચેમ્બર**

# સુસેન ચાર રસ્તા પાસે ખુલ્લી ચેમ્બર અકસ્માતને ખુલ્લું આમંત્રણ

### **સ્કૂલ-કોલેજના** વિદ્યાર્થીઓ અને પદયાત્રીઓ પર અકસ્માતનું તોળાતું જોખમ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
વડોદરા શહેરના દક્ષિણ વિસ્તારમાં આવેલા અત્યંત વ્યસ્ત એવા સુસેન ચાર રસ્તા પાસે રોડની સાઈડમાં આવેલી ગટરની ચેમ્બર છેલ્લા ઘણા સમયથી ખુલ્લી હાલતમાં હોવાને કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે રસ્તાની મધ્યમાં કે સાઈડમાં આ પ્રકારે ખુલ્લી ગટર તંત્રની ગંભીર બેદરકારીની ચાડી ખાઈ રહી છે. આ



ખુલ્લી ચેમ્બર હવે રાહદારીઓ અને વાહનચાલકો માટે 'મોતનું છટકું' સાબિત થઈ રહી છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, સુસેન ચાર રસ્તા એવો વિસ્તાર છે જ્યાંથી દિવસ-રાત હજારોની સંખ્યામાં નાના-મોટા વાહનોની અવરજવર રહે છે. આ માર્ગ પર આવેલી ગટરની ચેમ્બરનું ઢાંકણું તૂટી ગયું છે અથવા ગુમ છે, જેના કારણે ઊંડી ગટર સીધી દેખાય છે. ખાસ કરીને રાત્રિના સમયે આ વિસ્તારમાં પૂરતો પ્રકાશ ન હોવાને કારણે વાહનચાલકોને આ ખુલ્લી ચેમ્બર દેખાતી નથી, જેને પગલે અકસ્માત થવાની પૂરેપૂરી શક્યતાઓ રહેલી છે. ભૂતકાળમાં પણ અનેક ટુ-વ્હીલર ચાલકો આ ચેમ્બરના કારણે સ્લિપ ખાઈ ગયા હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.સૌથી વધુ ચિંતાની બાબત એ છે કે આ વિસ્તારમાં શાળાઓ અને કોલેજો આવેલી હોવાથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અહીંથી પસાર થાય છે. નાનાં બાળકો રમતા-રમતા કે ચાલતા આ ગટરમાં ખાબકે તેવી દહેશત વાલીઓમાં જોવા મળી રહી છે. આ ગંભીર સમસ્યા અંગે સ્થાનિકો દ્વારા વડોદરા મહાનગર પાલિકાના સંબંધિત વિભાગ અને વોર્ડ કચેરીમાં અનેકવાર મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં, તંત્ર દ્વારા હજુ સુધી કોઈ પણ પ્રકારની નક્કર કામગીરી કરવામાં આવી નથી.

લોકોમાં તંત્રની આ ઉદાસીનતા સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશો પ્રશ્ન કરી રહ્યા છે કે શું તંત્ર કોઈ મોટી જાનહાનિ કે ગંભીર અકસ્માત સર્જાય તેની રાહ જોઈ રહ્યું છે? શું કોઈનો જીવ ગયા પછી જ આ ગટર પર ઢાંકણું બેસાડવામાં આવશે? હાલમાં તો આ ખુલ્લી ગટર પસાર થતા દરેક વ્યક્તિ માટે ભયનો વિષય બની ગઈ છે. સ્થાનિકોએ વહીવટી તંત્રને ચીમકી આપી છે કે જો આગામી ટૂંક સમયમાં આ ચેમ્બર પર મજબૂત કવર મૂકીને તેને સુરક્ષિત કરવામાં નહીં આવે, તો જનતા દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

હાલમાં તો સુસેન ચાર રસ્તા પાસેથી પસાર થતા લોકો જીવ હથેળીમાં રાખીને મુસાફરી કરવા મજબૂર બન્યા છે અને તંત્ર વહેલી તકે સફાળું જાગે તેવી આશા સેવી રહ્યા છે.

**આસપાસના વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો**

# લહેરીપુરા દરવાજા પાસે આવેલી પરફ્યુમની દુકાનમાં શોર્ટ સર્કિટ થતા આગ ભભૂકી

### એમજી રોડ પર ચાર દિવસમાં દુકાનમાં આગ લાગવાની વધુ એક ઘટના

(પ્રતિનિધિ) વડોદરા, તા.22
વડોદરા શહેરના લહેરીપુરા દરવાજા પાસે આવેલી પરફ્યુમની દુકાનમાં અચાનક શોર્ટ સર્કિટને કારણે આગ ભભૂકી હતી. જેના કારણે આસપાસના વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો હતો. બનાવની જાણ કરવામાં આવતા ફાયર બિગેડની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને પરિસ્થિતિ સંભાળી હતી. સદનસીબે આગની આ ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી. વડોદરા



શહેરમાં એમજી રોડ પર ચાર દિવસમાં બીજી એક દુકાનમાં આગ લાગવાની ઘટના આજે બની હતી. અગાઉ એક ડ્રેસ મટીરીયલની દુકાનમાં આગ લાગી હતી. ત્યારે, રવિવારે સવારે લેહરીપુરા દરવાજા નજીક આવેલી પેરેમાઉન્ટ પરફ્યુમની દુકાનમાં આગ લાગી હતી. મળતી માહિતી અનુસાર દુકાન માલિક દ્વારા દુકાન ખોલી સ્વીચ ચાલુ કરતાં જ અચાનક શોર્ટ સર્કિટ બાદ આગ લાગી હતી. આગને પગલે તાત્કાલિક દુકાનમાં હાજર કર્મચારીઓ બહાર દોડી આવ્યા હતા. જ્યારે આસપાસ આવેલી અન્ય દુકાનના વેપારીઓમાં પણ ભયનો માહોલ છવાઈ ગયો હતો. બનાવની જાણ કરવામાં આવતા દાંડિયા બજાર ફાયર સ્ટેશનના જવાનો સ્થળ પર દોડી આવ્યા હતા અને આગ ઉપર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. સદનસીબે આગની ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી. સબ ફાયર ઓફિસર પ્રતાપ ડામોરે જણાવ્યું હતું કે, ન્યાયમંદિર લેહરીપુરા દરવાજાની બાજુમાં પરફ્યુમની દુકાનમાં આગ લાગી હોવાનો કોલ મળતા જ અમે ઘટના સ્થળ પર આવી આગને ઓલવી નાખી છે.